**<u>સેસન્સ કેસ નં.૧૩૯/૧૯૯૯</u>**

## <u>આંક–૧ નીચે હુકમ</u>

(૧) આ કામના આરોપી અનિલ બલદેવ ડાંગી, રહે.નજમગઢ, જય વિહાર કોલોની મકાન નં.૪૬/૭, દિલ્હી વાળા સામે ઈ.પી.કો. કલમ–૪૫૨, ૩૯૪, ૩૯૭, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ હતુ પરંતુ, સદર આરોપી ચાર્જશીટ ફાઇલ થયા બાદ આશરે ૨૦ વર્ષ ઉપરાંતથી નાસતા–ફરે છે અને તેઓની વિરૂદ્ધ અનેક વખત નોન બેલેબલ વોરંટો ઇસ્યુ કરવામાં આવેલ પરંતુ, તેઓ મળી આવેલ નથી. વધુમાં, રેકર્ડ જોતાં, ચાર્જશીટ આંક–૧ અન્વયે થયેલ હુકમ મુજબ તેઓના જામીનદાર પણ મરણ ગયેલ છે. જેથી મારા પુરોગામી જજશ્રીએ આંક–૧ અન્વયે તા.૩૧/૫/૨૦૦૪ નારોજ હુકમ કરી, સદર ફાઇલને ડોરમેંટમાં મુકવાનો હુકમ કરેલ છે.

(૨) કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, અત્રેની અદાલત દ્વારા પણ અનેક વખત આરોપીને પકડ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે પરંતુ, આરોપીને તે વગર બજયે પરત ફરેલ છે અને છેલ્લે આંક–૧૪ થી મુળ ફરિયાદી પરબતભાઇ બેચરભાઇએ કોર્ટ સમક્ષ હાજર થઇ એવી પુરશીશ રજૂ કરેલ છે કે, આ કામ ૨૩ વર્ષ જેટલુ જૂનું છે. આરોપી સામે પકડ વોરંટ તેમજ મિલ્કત જપ્તી વોરંટ સુધીના પ્રોસીડીંગ્સ થયેલ છે પરંતુ, આરોપી મળી આવતા નથી. તેઓનું એવુ માનવુ છે કે, આરોપીનું અવસાન થઇ ગયેલ હશે, જેથી તેઓ પણ હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી, જે આ પુરશીશથી જાહેર કરેલ છે.

(૩) ત્યારબાદ "બી" ડીવીજન પો.સ્ટે. રાજકોટના પો.સ.ઇ.શ્રીએ, અત્રેની કોર્ટના જા.નં.એ/૨૬૪/૨૦03 તા.૧૦/૧/૨૦૨૩ ના પત્ર આધારે માર્ક–૧૫/૧૧ થી એવો રીપોર્ટ રજૂ કરેલ છે કે, આરોપી અનિલભાઇ બલદેવભાઇ ડાંગી, રહે. જયવિહાર કોલોની મકાન નં.૪૬/૦૭ નજમગઢ, દિલ્હીવાળાની ઉપરોકત સરનામે તપાસ કરતાં, સદરહુ કોલોનીમાં રહેતા લોકોને આરોપી બાબતે પુછતા તેઓએ એવુ જણાવેલ છે કે, અનિલભાઇ ઘણા વર્ષો પહેલા તેમની

જયવિહાર કોલોનીમાં રહેતા હતા અને તે વીસેક વર્ષ પહેલાથી કયાંક જતા રહેલ છે અને થોડા વર્ષો પહેલા તેઓ મરણ ગયેલ હોવાના સમાચાર મળતા, તે મરણ ગયેલ હોવાનું ત્યાંના રહીશોનું માનવુ છે. સદરહુ રીપોર્ટ સાથે પો.સ.ઇ.શ્રી, બી ડીવીજન પો.સ્ટે.નાઓએ, માર્ક–૧૫/૬ થી લલીતભાઇ સીતારામ પંડીતનું તા.૧૮/૧/૨૦૨૩ નારોજનું, માર્ક–૧૫/૭ થી રવિન્દ્રસિંહ યશપાલસિંહ રાજપુતનું તા.૧૮/૧/૨૦૨૩ નારોજનું, માર્ક–૧૫/૮ થી મુકેશકુમાર જયપ્રકાશ શર્માનું તા.૧૮/૧/૨૦૨૩ નારોજનું નિવેદન વંચાણે લેતાં, અનિલ બલદેવ ડાંગી તેમની જયવિહાર સોસાયટીમાં ઘણાં વર્ષો પહેલા તેમના પરીવાર સાથે રહેતા હતા પરંતુ, ૧૫–૧૭ વર્ષથી ત્યાં રહેતા નથી અને થોડા વર્ષો પહેલા તેઓ ગુજરી ગયેલ હોવાની જાણકારી મળેલ હતી તેવુ જણાવેલ છે.

(૪) આમ, હાલના આરોપી ચાર્જશીટ થયા બાદથી અર્થાત આશરે વીસ વર્ષ ઉપરાંતથી મળી આવેલ નથી. તેઓની વિરૂદ્ધ અનેક વખત નોન બેલેબલ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે પરંતુ, વોરંટો વગર બજયે પરત ફરેલ છે. ચાર્જશીટમાં દર્શાવેલ સરનામે રહેતા રહીશોના પોલીસ નિવેદનો તેમજ બી ડીવીજન પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રીના રીપોર્ટ મુજબ હાલના આરોપીનું થોડા વર્ષ પહેલા અવસાન થઇ ગયેલાનું જાણવા મળેલ છે, તે સંજોગોમાં હાલના આરોપીનું અવસાન થઇ ગયેલાનું જણાઇ આવતુ હોય, તેમની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

રાજકોટ
તા.૨૪/૦૧/૨૦૨૩

**(ઉત્કર્ષ ટી. દેસાઇ)**
સેશન્સ જજ,
રાજકોટ
**કોડનં.જીજે–૦૧૩૧૪**